
# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૭૦ • તા.૧૨ થી ૧૮ ઓગસ્ટ ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


આત્મશુદ્ધિ અને ક્ષમાપનાનો

# મહાપર્વ પર્વાધિરાજ પર્યુષણ

(તા.૧૪ ઓગસ્ટ ૨૦૨૩)

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

## મન મર્કટ છે, એને કાબૂમાં રાખવું મુશ્કેલ છે

મનની અવસ્થા મર્કટ જેવી છે. જે ઘડી બે ઘડી જંપીને બેસતો નથી. ઘડીક અહીં, ઘડીક તંહી, વાંદરાની જેમ ઝાડની ડાળી ડાળી પર કૂદીને પોતાને પ્રવૃત્ત રાખે છે. મનુષ્યનું મન ત્રણ અવસ્થામાં રહે છે. સુષુપ્ત, સ્વપ્ન અને જાગૃત, માણસ ઊંઘ તો હોય કે જાગતો હોય વિચારોના અશ્વો હણહણાટી સાથે આગળ ઘસતા હોય છે. જે મનોજંપ લેવા દેતા નથી. અંતર મનની આ અવસ્થા ઈચ્છા, કામના અને આકાંક્ષાની કામનાથી ધગધગતી હોય છે.

માણસ સૂતો હોય ત્યારે સ્વપ્ના જોતો હોય છે. પરંતુ ખુલ્લા આંખે પણ તે સ્વપ્ન ને જોતો રહે છે. દ્રષ્ટિ કંઈ જોતી હોય ને મન મર્કટ બની અન્યત્ર દોડતુ હોય. આ ચિત અવસ્થા સૂન ભરી કરી દે છે અને ત્યારે સાંભળવા મળે છે કે ચિતભ્રમમાં જીવે છે. સ્વપ્નમાં આવતા રૂપકડા લાગે છે. વિચારોના તરંગ બંધ થઈ જાય ત્યારે સ્વપ્નો પોતાની સૃષ્ટિને આગળ વધારે છે. મન સ્થિર નથી એ ચંચલ અને તરંગી છે. એક વિચારની પર અડગ રહેનાર નથી. ઘડીક અંહીયા અને ઘડીક ત્યાં એવી અવસ્થા ભોગવે છે.

જેમ સારા માણસોની નિષ્કિતાથી દુષ્ટ તત્વોને મોકળું મેદાન મળે છે. ધર્મીઓની સુષુપ્તાથી અધર્મીઓ જાગૃત રહે છે. જે આખરે વિનાશકતાનો માહોલ સર્જે છે. સજાગતા અને સર્તકતાનો સર્જ્જનો રાખે તો દુર્જનો વિકસી શકતાં નથી. એટલે જ સારા માનવીઓ સમયસર જાગૃત થતા નથી એટલે ખરાબ માનીવઓ પોતાનો ઉપદ્રવ બે રોકટોક મચાવતા રહ તેછે. જે કાર્ય કરીએ તેનું વધુ મહત્વનું નથી મહત્વ તેનું છે કે આ શા માટે કરી રહ્યાં છીએ?

મનોવૈજ્ઞાનિક કહે છે કે સ્વપ્નએ વ્યક્તિની ઈચ્છાને સંતોષ આપતી માનસિક અવસ્થા છે. સહેલાઈથી મનને આત્મ સંતોષ, માનસિક સુખ મળે એટલે સ્વપ્ન જુએ છે. સપના સેવે છે. માણસનું મન પોતાનું જોવાને બદલે અન્યની જિંદગીમાં ડોકિયા કરે છે. અન્યની ચાલ, ચલગત, આચાર, વિચાર શું કરે છે, કેવી રીતે જીવે છે, એના સ્વજનો, પરિવારજનો મિત્રો સાથે કેવી રીતે રહે છે, વર્તે છે. એની આગળ વધવાની યોજના શું છે એ જાણવાનો સતત પ્રયત્ન તે કરતો રહે છે. મર્કટ જેમ એક ઝાડની ડાળી પર બેસી રહેતો નથી એમ મનનો મર્કટ એક જ વ્યક્તિના જીવનમાં ડોકિયું નથી કરતું, પણ આજુબાજુના સૌ, તેના સંપર્કમાં આવતા સૌના જીવનમાં સતત ડોકિયું કરી તેનું પગેરું રાખે છે. અને એ હિસાબે પોતાનો પ્લાન ઘડે છે. એ સૌથી પોતે આગળ રહે એવા ખ્યાલથી પોતાના કામના સોગઠા ગોઠવે છે.

માત્ર સપના જોતો મન જો એ સપના સિધ્ધ થાય એ માટે જહેમત કરે તો ઘણી બધી સિધ્ધિ હાંસલ કરી સફળતાના શિખર તરફ પોતાના કદમ રાખી શકે છે. અળવિતરું મન માત્રને માત્ર તર્કહીન વાતો ને ઝૂલે ઝૂલયા કરે તો શ્રમને લીધે થાકી જશે પણ રહેશો તો ઠેરનું ઠેર. આગળ વધવા આશા સાથે ઉમંગ. ઉત્સાહ અને સંયમનો સાથ હળે તોજ લક્ષ્ય પામવું સહેલું થશે.

– જય જ્ઞાતિમૈયા

# નિવૃત્ત થવા છતાં પ્રવૃત્ત રહેવું જરૂરી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

વયને કારણે નિવૃત્તિ આવે એ નિયમને આધિન છે. સરકારી કે કોર્પોરેટ કંપનીમાં નિવૃત્તિની વય મર્યાદા પહેલાંથી જ નક્કી કરેલી હોય છે. જ્યારે ખાનગી કંપની, સંસ્થાઓમાં કે વ્યક્તિગત વ્યવસાયમાં, પ્રોફેશનલ પ્રવૃત્તિથી ક્યારે નિવૃત્ત થવું એ જે તે સંસ્થાનોના નિયમ, બંન્ને વચ્ચેના સુમેળ સંબંધ અને સમજણ શક્તિ દ્વારા લેવાતા હોય છે. સમય કાળની મર્યાદા દરેકએ સમજવી જરૂરી છે. દરેક પદની ગરિમા હોય છે. અને તેની ગરિમા જાળવી રાખવી એ જે તે પદાસિન વ્યક્તિની જવાબદારી હોય છે અને સાથો સાથ જે તે સંસ્થા, કંપનીનું ગૌરવ અને માન જળવાય એ જોવાય એ પણ જરૂરી છે.

નિવૃત્તિકાળ આપણને એ શીખવાડે છે કે જીવનમાં જેમ પામતા તેમ છોડતા શીખવું જરૂરી છે. જો પદની, પ્રતિષ્ઠા, પૈસા અને કીર્તિ તેમજ સામાજિક માન મોભાની આંધળી દોટમાં જ રચયા રહીશું તો પામશું એના કરતા વધારે ગુમાવીશું એ નક્કી છે અને જે ગુમાવીશું એ આપણા માટે મૂલ્યવાન હોય છે. જવાબદારીઓનો બોજ લઈને જીવી પુરવાર કર્યું હવે થોડું જીવ માટે, પોતાના માટે જીવતા શીખીએ અને જીવીએ.

રિટાર્યમેન્ટ દુનિયાનો સૌથી લાંબો વિક એન્ડ છે. નિવૃત્તિમાં શનિવાર, રવિવારની મજા મરી જાય છે કારણ કે અઠવાડિયાના બધા વાર સરખા લાગે છે. નિવૃત્તિનો સૌથી મોટો ગેરલાભ એ છે કે તમને ઘણું કરવા માંગો છો પણ યાદદાસ કટવાથી શું કરવાનું છે તે યાદ રહેતું નથી. નિવૃત્ત એટલે વૃધ્ધાસ્થાનો પ્રવેશદ્વાર. નિવૃત્તિ એટલે આવનારી વૃધ્ધાવસ્થા વિષેની સભાનતાની શરૂઆત અને પોતાની ઈચ્છા મુજબ જીવવાની સ્વતંત્રાનો સુવર્ણ કાળ.

પુષ્કળ પ્રવૃત્તિની જેમ નરી નિવૃત્તિ પણ હાનિકારક છે. નિવૃત્તિ એ બોજ કે લાચારી ન બનવી જોઈએ. વનમાં તપ કરતાં સંતો, સંન્યાસીઓ જેવું તપસ્વી, કલ્યાણ હેતુ અને સુખ, ક્ષેમહિત ધરાવતા જીવવું જોઈએ. આજ સુધી સ્વ માટે જીવ્યાં હવે સર્વ માટે જીવવાનું છે. સ્વભાવ બદલાવાની સાથે સાથે નજર અને નજરીયો બદલવું જરૂરી રહે છે. સમાજ સેવા કે સદ્પ્રવૃત્તિઓ દ્વારા પોતે વ્યસ્ત રહી આનંદપૂર્વક અને પ્રવૃત્ત રહીને સંતોષથી સમય પસાર કરી શકાય છે. સરકારી કચેરીઓમાં, પોષ્ટ ઓફિસ કે કોર્ટ, હોસ્પિટલ ઈત્યાદિ માટે આવતા લોકોને, નિયમોની, કાયદાકીય, આંટી ઘૂંટીની સમજણને જ્ઞાન ન હોય તેમના માર્ગદર્શક બનવું. ફોર્મ ભરવા, અરજી કરવા, જેવા કામ કરી આપવું, માર્ગદર્શન આપી શકીએ છીએ. ધર્મ સ્થાનક, મંદિરમાં સ્વૈચ્છીક રીતે સાફ સફાઈ કે સેવાપૂજા અથવા ભક્તોને ઉપયોગી થાય એ માટેનું કાર્ય સંભાળીને મદદરૂપ પણ થઈ શકે. જ્ઞાતિ સમાજની સંસ્થા, મંડળમાં તેની આયોજિત પ્રવૃત્તિમાં રજિસ્ટ્રેશન કરવા, વ્યવસ્થા જાળવા સ્વંયસેવક તરીકે પણ પ્રવૃત્ત રહી ઉપયોગી થઈ શકીએ. નેત્રદાન, રક્તદાન, અંગદાન વિગેરે માટે લોકોને જાગૃત કરવાનું મિશન હાથમાં લઈ સમાજ માટે સાર્થકને સમર્પિત ભાવે પ્રવૃત્ત રહી નિવૃત્તિનું શેષ જીવન સાર્થક કરી જીવી શકીએ છીએ. જે તન અને મન માટે સ્વસ્થ અને શ્રેયકર બની રહે છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| ૫ા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજમાં ૧૪ ઓગસ્ટથી શરૂ થનારા પર્યુષણ પર્વની તડામાર તૈયારીઓ

અચલગચ્છાધિપતિ સાહિત્ય દિવાકર પ.પૂ.આચાર્ય ભગવંત કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તિ પ.પૂ. ગણિવર્ય ઉદયરત્ન સાગર મ.સા. અને પ.પૂ.મૂનિ ગુણવલ્લભસાગર મ.સા.ના નિશ્રામાં મુલુંડના શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલયમાં સોમવાર, તા.૧૪ ઓગસ્ટથી સોમવાર, ૨૧ ઓગસ્ટના પર્યુષણ પર્વની આરાધના થશે.

પ્રથમ દિવસે વ્યાખ્યાનમાં કલ્પસૂત્ર વહોરાવાના પાંચ જ્ઞાન પૂજાના અને શાલીભદ્ર ભંડાર ભરાવવાના ચડાવા લેવામાં આવશે.

તા.૧૮ ઓગસ્ટને શુક્રવારે મહાવીર જન્મવાંચન ૧૪ સ્વપ્નની અને પારણાની ઉછામણી થશે.

સોમવાર, તા.૨૧ ઓગસ્ટના સંવત્સરી અને તા.૨૨ ઓગસ્ટના સવારના તપસ્વીઓના પારણા.

રવિવાર, તા.૩ સપ્ટેમ્બરના રવિવારે અદ્વિતીય વિરાટ મહારથયાત્રા મુંબઈના અચલગચ્છના દરેક સંઘોની વિરાટ મહાયાત્રાનું આયોજન થશે. એને લગતા ચડાવા રવિવાર તા.૧૩ ઓગસ્ટના સવારના ૯ થી ૧૧.૩૦ વાગે સિમંધર સ્વામી પૂજન દરમ્યાન આપવામાં આવશે.

---

# શ્રી ક.દ.ઓ.જૈન સંઘ કાંજુરમાર્ગના આંગણે પર્યુષણ મહાપર્વની આરાધના કરવા પધારવાનું ભાવપૂર્ણ આમંત્રણ

શ્રી ક.દ.ઓ.જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથજી જૈન દેરાસર તથા તેના સાધારણ ખાતાનું ટ્રસ્ટ દ્વારા શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કાંજુરમાર્ગ શ્રી સંઘના આંગણે તા.૧૪ ઓગસ્ટ સોમવારથી તા.૨૧ ઓગસ્ટ સોમવાર સુધી પર્યુષણ પર્વની આરાધનાઓ કરાશે. જેમાં સર્વ સાધર્મિક ભાઈ બહેનોને પધારવાનું ભાવપૂર્ણ આમંત્રણ છે. નાના મોટા આબાલ વૃધ્ધ સૌ ભાઈ બહેનો રાઈ દેવસી પ્રતિક્રમણથી કરીને નૃત્ય નાટક, પ્રશ્ન પેપર, ક્વીઝ ગેમ, શો પ્રવચન ઈત્યાદિ સર્વ ધર્મ આરાધના અનુષ્ઠાનનો ધર્મ લાભનો લહાવો પામી શકશો.

અચલગચ્છાધિપતિ મ.સા.ના આજ્ઞા આશીર્વાદથી પ્રયર્તિની મહતરા પ.પૂ.ગુરૂણીમૈયા શ્રી વંસતપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા માતૃવત્સલા પ.પૂ.ગુરૂવર્યા શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા.ના સુશિષ્યા ગૌ વિજ્ઞાની પ.પૂ.ગુરૂવર્યા શ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા.ના શિષ્યા રત્ના પ.પૂ.સાધ્વીવર્યા શ્રી કાર્યરક્ષિતાશ્રીજી મ.સા. સંઘના સદભાગ્યથી પર્યુષણ મહાપર્વની આરાધના કરવા કરાવવા પધારવાના છે.

---


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી ક.દ.ઓ.જૈન મહાજન હુબલીને આંગણે પર્યુષણ પર્વની આરાધનાઓની ભવ્ય તૈયારી

પધારી રહ્યા છે પર્વાધિરાજ સર્વ પર્વોના શિરતાજ ભવસાગરમાં છે જહાજ, આતમ આરાધના કાજ સર્વે પર્વોમાં શિરતાજ એવા પર્યુષણ પર્વ નજીક આવી રહ્યાં છે. હુબલી સંઘમાં દેવગુરૂની કૃપાથી સહુ આનંદ મંગલ છે. આપણે સૌ પર્વાધિરાજને વધાવીએ. કાઢીશું આત્માનો એકસરેથી મિચ્છામિ દુક્કડમના વાતથી પર્યુષણ પર્વમાં પીશું દવાનો રસ નવ દિન, પધારો નવ દિન બનવું છે પાપ હીન.



આ વર્ષે સહુ સહપરિવાર સાથે મળી હર્ષોલ્લાસથી આરાધનાઓ વિવિધ અનુષ્ઠાનોમાં જોડાઈ ભક્તિ ભાવપૂર્વક આ પર્યુષણ પર્વને માણીએ અને પુણ્યનું ભાથું બાંધી આત્માનું કલ્યાણ કરીએ. આ વર્ષે પર્યુષણ દરમ્યાન વ્યાખ્યાન, વિવિધ અનુષ્ઠાન કરાવવા મુંબઈથી ડૉ. હર્ષ દેઢિયા પોતાની સંગીત ટીમ સાથે પધારી રહ્યાં છે.

શ્રી પર્યુષણ પર્વમાં અષ્ટાનિકા તથા કલ્પસૂત્રનું વાંચન, અરિહંત પરમાત્મનાનું ચરિત્ર વાંચન શ્રી સરસ્વતી માતાનું અને ગૌતમ સ્વામી અનુષ્ઠાન, નવકાર જાપ, સીમંધર સ્વામીની ભાવયાત્રા સાથે તપ, જપ, આરાધનાઓ રહેશે. દરરોજ સાંજના આંગી રચના, સંગીતમય ભક્તિભાવના તો રહેશે જ. તો ચાલો તૈયાર થઈ જાવ પર્યુષણ પર્વ સાથે મળી ઉજવવા. પ્રભુ ભક્તિમાં લીન થઈ પુણ્યાનું બંધી પુણ્યની વૃધ્ધિ દોષોની શુધ્ધિ અને સદ્‌ગુણોની સિધ્ધિ સૌને પ્રાપ્ત થાઓ, આત્માનું કલ્યાણ કરી મોક્ષ માર્ગના પર્થિક બનીએ એજ શુભભાવના. ખાસ વિનંતી યુવા વર્ગને છે કે તેઓ પણ યુવા વિધિકાર જોડે જોડાઈને તેમને સતાવતા ધાર્મિક પ્રશ્નોનું નિવારણ મેળવે.

ફરી વાર યાદ રહે પર્યુષણ પર્વની તારીખ છે ૧૪ ઓગસ્ટ સોમવારથી તા.૨૨ ઓગસ્ટ મંગળવાર સુધી. આપની સર્વ કાર્યક્રમમાં હાજરી એજ સમાજની શોભા છે. એ આગ્રહ સાથેનું આમંત્રણ શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન હુબલી વતી પ્રમુખ ભરત ખીમજી તથા માનદમંત્રી શરદ મોમાયા દ્વારા અપાયું છે.

---

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# પર્યુષણ પર્વ વર્ષ ૨૦૨૩ : તપસ્વીઓએ ગુગલ ફોર્મ ભરી માહિતી મોકલવા વિનંતી

પર્યુષણ પર્વ શરૂ થઈ ગયા છે અને દરેકે દરેક નગર સંઘોમાં વિવિધ પ્રકારની તપશ્ચર્યા થઈ રહી હશે. સર્વે તપસ્વીઓની શાતા ઈચ્છીએ છીએ. આઠ અને વધુ ઉપવાસ કરનાર દરેક વયના તપસ્વીઓએ નીચે આપેલ ગુગલ લિંક ક્લિક કરી સંપૂર્ણ માહિતી ભરી. ફોટા સાથે મોકલશો. જે જ્ઞાતિમૈયામાં નિઃશુલ્ક પ્રકાશિત કરીશું.

ખાસ નોંધ : ૧૦ વર્ષથી નાની વયના તપસ્વીઓના નામ સાથે ફોટા પ્રગટ કરાશે. ૧૦ વર્ષથી વધુ વયના તપસ્વીઓની માત્ર નામાવલી પ્રગટ કરાશે.

વિશેષ વિગત માટે સંપર્ક મનીષા લાલકા-૯૮૨૦૫૪૫૭૩૪, વર્ષા લોડાયા-૯૮૩૩૦૭૨૮૭૯



# પ્રથમ પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ.શ્રી. હેમંતભાઈ ચત્રભુજ શાહ

**જલગાંવ (નાગ્રેચા-કચ્છ)**

**અરિહંત શરણ - ૧૪/૦૮/૨૦૨૨**

પ્રથમ પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ એક એક દિવસ કરતાં વરસ વીત્યો
પણ અમ હૈયાના કણ કણમાં છો
સજીવન આપ ચંદન જેવું જીવન જીવીને સૌના હૈયે વસી ગયા
સદાય સૌને ગમતા રહી પ્રેમ લાગણીથી
જીવન પરિમલ પસરાવી પરોપકારી જીવન જીવી ગયા
શ્રદ્ધાંજલિ અર્પતા શબ્દો ઓછા પડે આપના સ્નેહ ભર્યા સંસ્મરણો સદાય સાચવીશું
પ્રભુ આપના પુનિત આત્માને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના

### શોકાતુર પરિવાર

| | | |
|---|---|---|
| માતા પિતા | : | સ્વ રતનબાઈ ચત્રભુજ શાહ |
| પત્ની | : | ગં.સ્વ નિર્મલા હેમંત શાહ |
| પુત્ર-પુત્રવધૂ | : | સોનમ ચંદ્રેશ શાહ |
| પૌત્ર | : | સમ્યક અને હ્રીં ચંદ્રેશ શાહ |
| દીકરી-જમાઈ | : | ભાવિની વૈભવ મૈશેરી (ઘાટકોપર) |
| દોહિત્ર | : | સમર્થ વૈભવ મૈશેરી |
| બહેન-બનેવી | : | સ્વ. જયાબાઈ લક્ષ્મીચંદ દંડ (ભાંડુપ) |
| | | શ્રી પદમશીભાઈ ચત્રભુજ સાયલા (તેરા) ના જમાઈ |

# શ્રી કીર્તિભાઈ ધનજી ધરમશીની કર્ણાટક જ્યુડો એસોસિએશના વાઈસ પ્રેસિડન્ટ તરીકે વરણી થઈ





તા.૬ ઓગસસ્ટ રવિવારના કર્ણાટક જ્યુડો એસોસિએશનની એન્યુલ જનરલ મિટિંગ કાંતીવીરા સ્ટેડિયમ ખાતે યોજાઈ. જેમાં આ અગાઉ કમિટીના સભ્ય રહેલા શ્રી કીર્તિભાઈ ધનજી ધરમશી સુથરી-બેંગલોરની આગામી ટર્મ વર્ષ ૨૦૨૩-૨૦૨૭ માટે ઉપપ્રમુખ તરીકે વરણી કરાઈ. કીર્તિભાઈ ધરમશી સમસ્ત ક.દ. ઓ.જૈન મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી પદે છે.

કર્ણાટક જ્યુડો એસોસિએશનની એ.જી.એમ.માં પ્રમુખ અજય સરનાઈક પૂર્વ યુવા સ્પોર્ટસ મિનિસ્ટર અને વર્તમાનમાં બાગલકોટના ધારાસભ્ય, વિધાન પરિષદ સભ્ય અને ડી.સી.બેંક બાગલકોટના અધ્યક્ષ ઈત્યાદિ ઉપસ્થિત રહ્યાં હતાં.

કર્ણાટક જ્યુડો એસોસિએશન કમિટીમાં મહત્વના પદ પર નિમણુંક પામવા બદલ કીર્તિભાઈને હાર્દિક અભિનંદન.

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા કચ્છમાં સમૂહલગ્નનું આયોજન

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા તા.૧૬ ડિસેમ્બર શનિવારના રોજ કચ્છ મધ્યે સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સમૂહ લગ્નમાં જોડાનાર યુવક યુવતીએ તા.૧૬ ડિસેમ્બરના સવારે આવવાનું રહેશે. કન્યા વિદાય બપોરે ૪ વાગે આપવામાં આવશે.

ફોર્મ લેવા માટે સંપર્ક પ્રબોધભાઈ મુનવર, ભુજ-૯૯૨૫૧૬૯૮૭૬, ગોવિંદજી પટેલ-૯૮૨૦૫૪૦૯૪૯, કિરણભાઈ દંડ-૯૮૩૩૮૦૮૨૪૪, વીરેન્દ્રભાઈ લોડાયા-૯૮૨૧૦૭૩૮૩૦, ચંદ્રેશભાઈ લોડાયા અમદાવાદ-૯૮૨૪૦૧૪૯૪૭, અરવિંદભાઈ લોડાયા ગાંધીધામ-૯૮૨૫૬૩૪૬૪૯, ચંદ્રેશભાઈ છેડા રાયપુર-૯૪૨૫૨૧૩૫૪૦, વીરચંદભાઈ ખોના-૯૮૭૦૯૮૯૦૦૫ અને હરીશભાઈ શિયાલ અમદાવાદ-૯૯૭૪૫૫૪૪૮૪.

shantijin
પ્રસન્નતા...સર્વદા

શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. પ્રેરીત :

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

## સુધારિત બંધારણ

સં. ૨૦૨૪ માં સ્થાપિત શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘનું બંધારણ ઈ.સ. ૧૯૮૦ મા સુધારા વધારા સાથે અમલમાં આવેલ, આજના સમયાનુસાર ફેરફાર જરૂરી હોતા શ્રી સંઘે બંધારણ સુધારા સમિતિની રચના કરેલ, જે સમિતિ બંધારણમાં જરૂરી ફેરફાર કરી તા. ૬-૮-૨૦૨૩ ના મુલુંડ (વે) મધ્યે **વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી ચીમનભાઈ મોતાના** પ્રમુખ સ્થાને મળેલ સામાન્ય સમિતિની સભામાં સુધારિત બંધારણનો ખરડો ચર્ચા વિચારણાના અંતે સર્વાનુમતે મંજુર થતાં, અમલમાં આવેલ છે.

### અથાગ મહેનત કરી બંધારણમાં સુધારા કરનાર બંધારણ સમિતિના સભ્યો

કન્વીનર : સોલીસીટર શ્રી હરખચંદ કુંવરજી ગડા (બાડા)

CA શ્રી નવીન પ્રેમજી રાંભીયા (ગઢશીશા)
શ્રી રતનલાલ દેવીચંદજી વડેરા (બાડમેર)
શ્રી બંસીલાલ માણેકમલજી જૈન (બાડમેર)
શ્રી ચીમન મેઘજી મોતા (વારાપધર)
શ્રી ઠાકરશી કેશવજી ગડા (નાના રતડીયા)
શ્રી જયંતીલાલ જીવરાજ નાગડા (નરેડી)
શ્રી પ્રફુલ્લ કાંતીલાલ વોરા (માંડવી)
CA શ્રી જયેશ વલ્લભજી નાગડા (સાભરાઈ)
શ્રી જતીન મોરારજી છેડા (નાના ભાડીયા)

**આપ સહુની અંતરથી અનુમોદના... આભાર...!!!**

### આભાર, ઋણ સ્વીકાર...!!!

- રવિવાર, તા. ૬-૮-૨૦૨૩ ના સામાન્ય સમિતિની સભાના પ્રારંભે માંગલીક, પ્રાસંગિક પ્રવચન માટે પ.પૂ. ગણિવર્ય **શ્રી ઉદયરત્નસાગરજી** મ.સા., પ.પૂ. મુનિરાજ **શ્રી ગુણવલ્લભસાગરજી** મ.સા. ને વંદના. ઋણ સ્વીકાર... !!!
- સભા માટે સ્થાન ઉપલબ્ધ કરાવવા તેમજ વ્યવસ્થામાં સાથ સહકાર આપવા બદલ **શ્રી મુલુંડ શ્વે. મૂ. જૈન સંઘ** તથા **શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ**નો આભાર.
- સામાન્ય સમિતિમાં પધારી સભા સફળ કરનાર **શ્રી સંઘની વિવિધ શ્રેણીના સર્વે સભ્યો**નો હૃદયપૂર્વક આભાર.

લિ. : શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ - અધિકારીઓ

# કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન કોઈમ્બતુર દ્વારા ૭મો મેડિકલ હેલ્થ કેમ્પનું આયોજન કરાયું






તા.૬ ઓગસ્ટ રવિવારના શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન કોઈમ્બતુર દ્વારા કોઈમ્બતુર જૈન મહાસંઘની સહયોગે કોઈમ્બતુર ખાતે ૭મો મેડિકલ કેમ્પનું સફળતાપૂર્વક આયોજન નહેરૂ વિદ્યાલય કોઈમ્બતુરમાં કરાયું.

ખ્યાતનામ અગ્રણી તબીબો દ્વારા ૫૭૫ થી વધુ જરૂરિયાતમંદ દર્દીઓનું રક્ત પરીક્ષણ અને જરૂરી દવાઓ સાથે તપાસણી કરવામાં આવી હતી.

# શ્રી નાંદેડ સંઘમાં ૧૬ સતીનો કાર્યક્રમ યોજાયો





મહારાષ્ટ્ર રાજ્યના મરાઠાવાડા વિભાગના નાંદેડ નગર સંઘમાં પ.પૂ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ૧૬ સતીનો કાર્યક્રમ યોજાયો. સંઘના નાના મોટા સૌ મોટી સંખ્યામાં પ્રેક્ષકો તરીકે જોડાઈ લાભ લીધો હતો.

# બડગરા-કેરાલાના શ્રી વિમલનાથ દેરાસરજી ટ્રસ્ટની ટર્મ ૨૦૨૩-૨૦૨૬ માટે નવી કારોબારી કમિટીના પદાધિકારીઓની વરણી

કેરાલા રાજ્યના બડગરા નગરના શ્રી વિમલનાથ દેરાસરજી ટ્રસ્ટની નવી ટર્મ વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૬ વર્ષ માટે નવી કમિટી માટે પદાધિકારીઓ વરાયા. જેમાં પ્રમુખ તરીકે કીર્તિકુમાર જીવરાજ પોલડીયા-૯૩૪૯૨૩૮૭૨૭, માનદમંત્રી પદે નરેન્દ્ર પ્રેમજી લોડાયા-૮૦૮૯૮૮૮૯૬૬, સહ માનદમંત્રી તરીકે વસંત શીવજી પોલડીયા-૯૪૪૬૬૪૩૦૪૪, ખજાનચી કાંતિલાલ નરશી દંડ, સહ ખજાનચી અભયકુમાર જીવરાજ પોલડીયા અને કમિટી મેમ્બરો દિલીપ પુનશી ધરમશી, વીરચંદ દામજી મોતા, પ્રજેશ રતનશી પોલડીયા, શ્રીમતી કંચનબેન અભયકુમાર પોલડીયા અને શ્રીમતી રશ્મિબેન સતીષ લોડાયા

|| નમો નમઃ શ્રી ગુણસાગરસૂરયે || || વરસીતપના પ્રણેતા શ્રી આદિનાથાય નમઃ || || અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી-મહાકાલીદેવ્યે નમઃ ||

સંઘ પ્રેરક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

આયોજિત

ભારતભરના અચલગચ્છીય

કચ્છી - રાજસ્થાની - ગુર્જર (ગુજરાતી) સંઘો/મહાજનો નું

# ગચ્છોત્કર્ષ સ્નેહ મિલન

**મંગલમય દિવસો**

ભાદરવા સુદ ૯,
શનિવાર, તા. ૨૩-૯-૨૦૨૩
ભાદરવા સુદ ૧૦,
રવિવાર, તા. ૨૪-૯-૨૦૨૩

**શુભ સ્થળ**

શ્રી કચ્છી અચલગચછ જૈન સંઘ વડોદરા
શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય,
રાવપુરા, ભાલેરાવ ટેકરા,
જી.પી.ઓ.પાછળ, વડોદરા

દિવ્યકૃપા : રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

પ્રેરણા નિશ્રા :
સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

શુભ કામના :
શાસનપ્રભાવક, પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
પ્રશમરસનિધિ, પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

સમસ્ત ભારતના ૩૦૦થી અધિક અચલગચ્છીય સંઘો/મહાજનોનું સંગઠન વધુ મજબુત કરી ગચ્છ વિકાસના કાર્યોમાં વેગ લાવી, ગચ્છની સમાચારીની વિશેષ જાણકારી મેળવી, ચતુર્વિધ સંઘની ભવ્યતાની જાણકારી પ્રાપ્ત કરી, ગચ્છની શાસ્ત્રોક્ત પરંપરા, પૂરાતત્વ ઈતિહાસના સંરક્ષણ સાથે આપણા પરમ વંદનીય શાસનરત્નો સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ વિહાર સુરક્ષા આદિ પ્રશ્નોની ચર્ચા વિ. ગચ્છોત્કર્ષ સ્નેહ મિલનનું મુખ્ય હેતુ છે.

શ્રી સંઘો - મહાજનોના ટ્રસ્ટીઓ, અધિકારીઓને વિનંતી કે સંઘમાં ૧૦૦ થી અધિક પરિવારો હોય ત્યાંથી ૦૫ અને ૧૦૦ થી ઓછા પરિવારો હોય ત્યાંથી ૦૨ પ્રતિનિધિઓને પધારવા આમંત્રણ છે. તા. ૨૩-૯-૨૦૨૩ ના સવારથી તા. ૨૪-૯-૨૦૨૩ ના બપોર સુધીની સંપૂર્ણ વ્યવસ્થા લાભાર્થી પરિવાર તરફથી ગોઠવવામાં આવેલ છે. બપોરના ભોજન બાદ ગચ્છધિષ્ઠાયિકા શ્રી મહાકાલી માં ના દર્શનાર્થે પાવાગઢનું આયોજન દાતા પરિવારોના સહયોગે રહેશે. રાત્રે વડોદરા સ્ટેશને પરત આવીશું. પ્રતિનિધિઓની માહિતીનું જરૂરી ફોર્મ ભરી અમને તા. ૩૧-૮-૨૦૨૩ પહેલા મળી જાય એ રીતે મોકલવાના રહેશે. વધુ માહિતી માટે નીચેના અધિકારીઓનો સંપર્ક કરવો.

**સંપૂર્ણ કાર્યક્રમના લાભાર્થી**

શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ વડોદરા
શ્રુતોપાસના સંપૂર્ણ ચાતુર્માસના સંઘપતિ
માતુશ્રી મણીબેન વલ્લભજી નરશી નાગડા (વિઢ-ગોધરા)
શ્રીમતી જિજ્ઞાબેન CA રાજેશ નાગડા ચિ. શ્રેણિક કુમાર

**લિ. : શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ - અધિકારીઓ**

| | | |
|---|---|---|
| પ્રમુખ : | ભાવેશ હિંમતલાલ વોરા (અંજાર) | 94275 12598 |
| ઉપપ્રમુખ : | ચીમન મેઘજી મોતા (વારાપધર- મુલુંડ) | 93222 20708 |
| | હેમચંદ મુરજી ગડા (નાના રતડીયા-મુલુંડ) | 98203 00317 |
| માનદ્ મંત્રી : | જતીન મોરારજી છેડા (નાના ભાડીયા-ઘાટકોપર) | 98210 64216 |
| | પ્રવીણ ટોકરશી લોડાયા (કોઠારા-ડોંબિવલી) | 98205 65261 |
| | પ્રકાશ નેમીચંદજી સિંઘવી (બાડમેર-અમદાવાદ) | 93270 12038 |
| | જયંતકુમાર ચીમનલાલ સંઘવી (મુન્દ્રા-ડોંબિવલી | 98196 93577 |

નોંધ : ૧) સંસ્થાનું સુધારિત બંધારણ અમલમાં આવી જતા હવે આજીવન સભ્ય રૂા. ૧૦૧/- ના રૂા. ૫૦૧/- થઈ ગયેલ છે.
૨) કાયમી વ્યવસ્થાપક સમિતી દાતા સભ્ય રૂા. 10,000/- ના રૂા. ૨૧,૦૦૦/- થયેલ છે. પણ સંઘ-મહાજનો માટે તા. ૧૨-૮-૨૦૨૩ સુધી છુટ અપાયેલ છે.

BINITA S. MARU - 9869034162

# શ્રી શંખેશ્વર તીર્થે ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજનની સંગીતમય આરાધના થઈ





શ્રી શંખેશ્વર તીર્થની મહાપવિત્ર ધરા પર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાના પરમ સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક ૨૩મા વર્ષીતપના તપસ્વી રત્ન, સૂરિમંત્ર, પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં વિધિકાર-સંગીતકાર નીતિનભાઈ જાનીના સંગાથે ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન થયા. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉપસ્થિત રહી અદ્‌ભૂત ધન્ય ધન્ય લાભ લીધો હતો.




**અનવર ઢોલી**





**દાંડિયા રાસ, લગ્નગીત, રાસગરબા, ધમાલ, બાર દાંડિયા, ચાર દાંડિયા મટુકડી, ઢોલ રાંધ, સામૈયું**


**9820694055**
**8169566734**

૬૯, જુની માતૃછાયા ૩, ગાળે પટેલ ચોક,
શિવાજી નગર, વાગ્લે એસ્ટેટ, ચેકનાકા, થાણા.

**હાલારી ઢોલી**



સલીમભાઈ ઢોલી



આફીદ ઢોલી

**આપને ત્યાં શુભ પ્રસંગોને શોભાવવા ઢોલ તથા શરણાઈના જાણીતા અને માનીતા હાલારી ઢોલી**

સલીમભાઈ : **9324796076**
આફીદભાઈ : **9619748525**

રૂમ નં.૩૭, શિવપ્રસાદ બિલ્ડીંગ, પાંચમા માળે,
શિવાજી નગર, ચેકનાકા, વાગ્લે એસ્ટેટ, થાણા.

# ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| | | | | |
|---|---|---|---|---|
| HOME LOAN *7.99% (p.a.) | 2 WHEELER LOAN *7.99% (p.a.) | CAR LOAN *7.99% (p.a.) | PRE OWNED CAR LOAN *9.49% (p.a.) | eAUTO LOAN *7.99% (p.a.) |
| COMMERCIAL VEHICLE LOAN *9.49% (p.a.) | PRE OWNED CV LOAN *9.99% (p.a.) | EDUCATION LOAN *8.49% (p.a.) | TRADE LOAN *8.49% (p.a.) | LOAN AGAINST PROPERTY *9.49% (p.a.) |
| MORTGAGE LOAN *7.99% (p.a.) | COMMERCIAL (CRE) LOAN *8.49% (p.a.) | LOAN AGAINST INSURANCE POLICY *7.75% (p.a.) | GOLD LOAN *7.99% (p.a.) | MACHINES LOAN *8.49% (p.a.) |

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

www.arihantbank.com @ ArihantBank

# ગાંધીધામ-ભારતનગર સંઘમાં આંખડી મારી પ્રભુ હરખાય છે નામેથી ભક્તિ સંવેદના કાર્યક્રમ થયો





રવિવાર, તા.૬ ઓગસ્ટના રોજે ભારતનગર-ગાંધીધામ સંઘના શ્રીમતી નિર્મલા પદમશી લાલકા તથા શ્રીમતી અંજલિ વિશાલ લાલકા વિવિધલક્ષી સભાગૃહમાં પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા.ના પાવન સભર નિશ્રામાં ભક્તિ સંવેદના સભર કાર્યક્રમ આંખડી મારી પ્રભુ હરખાય છે નામનો શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ પૂજા મંડળના સથવારે યોજાયો. સંઘના ભાવિકજનો ઉમટભેર બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો.



# શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વે.જૈન સંઘની મિટીંગમાં બંધારણમાં નવા સુધારાઓ માટે સર્વ સંમતિ થઈ

તા.૬ ઓગસ્ટ રવિવારના શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના ઇતિહાસમાં સુવર્ણ ઇતિહાસ સર્જાયેલ શ્રી સંઘની જનરલ મિટિંગમાં સંસ્થાના બંધારણ નવા સુધારાઓ સાથે સર્વ સહમતી સાથે પ.પૂ.ગણીવર્ય શ્રી ઉદયરત્ન સાગર જી મ.સા. અને યુવામુનિરાજ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં મંજૂર કરવામાં આવેલ. શ્રી સંઘના અધિકારીઓ, ટ્રસ્ટીઓ કારોબારી સભ્યો સહિત અનેક સભ્યો એ સભાને સફળ બનાવવા મહેનત કરેલ.









# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ભુપેન્દ્રભાઈ ખોના**
તા.૭ ઓગસ્ટ (ઉ.૭૬)
તેરા-મુલુંડ



**કુસુમબેન ખોના**
તા.૭ ઓગસ્ટ (ઉ.૭૮)
રંગપુર-કેનેડા



**મૃદુલાબેન મૈશેરી**
તા.૮ ઓગસ્ટ (ઉ.૭૬)
મોટી સિંધોડી-મુલુંડ



**મૃદુલાબેન ખોના**
તા.૯ ઓગસ્ટ (ઉ.૭૩)
તેરા-પુણે



**વિજયભાઈ લોડાયા**
તા.૧૦ ઓગસ્ટ (ઉ.૫૯)
મોટી સિંધોડી-રાયપુર



**સચિન ધરમશી**
તા.૧૨ ઓગસ્ટ (ઉ.૪૨)
ગોરખડી-ડોંબીવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

## 80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO दिव्यांग

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# સમસ્ત મહાજનની B2B કમિટીના બિઝનેસ વોટસએપ ગ્રુપ ફેસબુકમાં જોડાઈ વ્યાપારનો વ્યાપ વધારો

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના વ્યવસાયિકો આપેલ લિન્ક દ્વારા વોટસએપ ગ્રુપમાં જોડાઈ વ્યાપારનો પ્રસાર વધારો. આ વોટ્સએપ બિઝનેસ ગ્રુપનો ઉદ્દેશ જ્ઞાતિજનોના અરસ પરસ વ્યાપાર વિકસે અને મહતમ ખરીદી/વેચાણને પ્રથમ પસંદગી ફક્ત કેડીઓને મળે એ છે. ચાલો નાનાને પ્રોત્સાહન આપીએ તેને ઉપર લાવીએ. તેના વ્યાપારની પ્રગતિ કરીએ.

વોટસએૅપ ગ્રુપમાં ૧૦૦૦ જેટલા સભ્યો જોડાયા છે. જ્યારે ફેસબુક ઉપર ૫૫૦૦ જેટલા સભ્યો છે.

**વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**

**ફેસબુકમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● પાણી વિના જીવવું શક્ય નથી તેથી જ કહેવાયું કે જળ એ જ જીવન. અબડાસાના હેરિટેજ વિલેજ તેરાના ઐતિહાસિક ત્રણ તળાવ છે. રાજાશાહી વખતમાં ત્રણ તળાવોનું નિર્માણ થયું. જેમાં છતાસર કપડાં, ધોવા માટે, સુમરાસર તળાવ પીવાના પાણી માટે અને ચતાસર તળાવ નાહવા ધોવા માટે વપરાય છે. સુમરાસર અને ચતાસર તળાવ રાજાશાહી વખતમાં સુમરાજીના કાર્યકાળમાં બંધાયા હતા. તો ચતાસર તળાવ ભાટિયા પરિવારે બંધાવ્યું હતું. ચોમાસા, દરમ્યાન ત્રણેય તળાવો છલકાય ત્યારે તેનો નજારો નયનરમ્ય હોય છે. તળાવોની બાંધણી એવી છે કે આ તળાવનું પાણી છલકાય એટલે તેનું પાણી બીજા તળાવમાં જાય છે. ૩૨૦૦ની વસતી ધરાવતા તેરા ગામના ૭૦ ટકા લોકો આ તળાવમાં પાણીનો ઉપયોગ પીવા માટે કરે છે.

● શહેરીજનો પ્રકૃત્તિની નજીક રહીને મનોરંજન સાથે આરોગ્યને પ્રાપ્ત કરી શકે તેમજ શહેર આસપાસના વાતાવરણમાં પ્રાણવાયુનું સ્તર સંતુલિત કરી શકે તે માટે કેમ્પા અર્બન ડેવલપમેન્ટ યોજના હેઠળ રાજ્ય સરકારે ગાંધીધામ શહેર નજીક કિડાણા ખાતે ૩૦ હેક્ટર વિસ્તારમાં અર્બન ફોરેસ્ટ્રી મોડેલ અંતર્ગત ૧૮૭૫૦ રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે તો ભુજ શહેર નજીક મોચીરાઈ ખાતે ઓક્સિજન પાર્ક બે ચરણમાં તૈયાર થઈ રહ્યો છે. જેમાં પહેલાં તબક્કામાં ૧૦ એકરમાં ૬૨૫૦ લીમડાનું વાવેતર કરાયું હતું અને બીજા ચરણમાં ૧૦ એકરમાં ૬૨૫૦ લીમડાના રોપાનું વાવેતર કામ ચાલી રહ્યું છે.

● ઈન્ડિયન સ્કૂલ ઓફ ડેમોક્રેસી દ્વારા શી રિપ્રેઝેન્ટેટિવસ પ્રોગ્રામ અંતર્ગત સાત દિવસીય નેતૃત્વ તાલીમ કાર્યક્રમ માટે દેશભરમાંથી સ્થાનિક સ્વરાજ સંસ્થામાં ચૂંટાયેલા ૪૦ મહિલા પ્રતિનિધિઓએ ભાગ લીધો. આ એક હાઈબ્રિડ પ્રોગ્રામ હતો જેમાં પાંચ દિવસ દિલ્હીમાં અને બે દિવસ ઓનલાઈન મહિલા પ્રતિનિધિઓને તેમની ગર્વનન્સ અને પોલિસી વિશ્લેષણ કૌશલ્યો, જાહેરમાં બોલવા અને નેતૃત્વ વિકસાવવા માટેની તાલીમ અપાઈ. જેમાં વરિષ્ઠ રાજકીય નેતાઓ, મહિલા સંસદ સભ્યો, ઉચ્ચ અધિકારીઓ, ગર્વર્નન્સ નિષ્ણાતોએ તાલીમ આપી. જેનાથી મહિલાઓને ભારતીય રાજકારણમાં તેમનું સ્થાન લેવા અને સર્વોદય માર્ગ મેળવવા પ્રોત્સાહિત થશે. આ તાલીમાર્થીઓમાં કચ્છ જિલ્લામાંથી પાંચ મહિલા સરપંચ જેમાં કસ્તૂરબેન ગરવા (દેવપર) પ્રીતિબેન વેકરિયા (વાડાસર), ચંદ્રિકાબેન રંગાણી (કનકપર), ગીતાબેન ડુંગરિયા (સત્તાપર) અને ચેતનાબેન પિંડોરિયા (સૂરજપર)નો સમાવેશ થયો હતો.

● હાલે કચ્છ ઉપર ત્રાટકેલ બિરજોય વાવોઝાડાને લીધે અંદાજિત બે હજાર કરોડના નુકસાનનો અંદાજ વ્યક્ત કરાયો છે. તમામ કાંઠાળ વિસ્તારની ૧૦ કિ.મી. નજીકના વિસ્તારમાંથી અંદાજે ૫૫ હજાર જેટલા નાગરિકોને સલામત રીતે ખસેડી લેતા જાનહાનિ ન થવા પામી હતી. તે સિવાય બાગાયત ખેતીથી માંડી પી.જી.વી.એલ., જેટકો, મીઠાના અગરો, દરિયાકાંઠા વિસ્તારની વસાહતોના કાચાં મકાનો સહિતના ક્ષેત્રમાં નુકસાનીનો આંકડો બે હજાર કરોડ જેટલો છે. જેમાં માત્ર બાગાયત ખેતીને રૂા.૬૦૦ કરોડથી વધારે ફટકો પડ્યો છે. ૮૦ હજાર જેટલા વીજ થાંભલા ૪૦ ટાવર ૧૪ હજાર ટ્રાન્સફોર્મર બળી ગયા. ૨૧૦૦ કાચા મકાનો નષ્ટ, ૮૬૩ મકાનને આંશિક નુકસાન જ્યારે ૭૩ ઘર નષ્ટ પામ્યા છે. કેશડોલ્સના સર્વે માટે ૨૫૨ ટીમ કામે લાગી મોજણી કરી. ૯૯૫ પશુઓના મોત થયા હોવાનું સામે આવ્યું છે.

● બિરજોય વાવાઝોડાએ કચ્છમાં સૌથી વધુ નુકસાન વૃક્ષોને પહોંચાડ્યું છે. વાડી ખેતરો અને સીમ વગડામાં નાના મોટા નવા જૂના વૃક્ષોનો મોટે પાયે સોથ વળી ગયો છે. જેને કારણે પટેલ ચોવીસીના ગામોમાં કાષ્ટ સંચય પ્રવૃત્તિ ધમધોકાર ચાલી રહી છે. ભુજ તાલુકાના કુંદનપર, કેરા, નારણપર સહિતના ગામોના યુવાનો શ્રમ યજ્ઞ કરી વૃક્ષોને ટ્રીમર દ્વારા લાકડામાં ફેરવી સ્મશાનગૃહોના વખારમાં ખડકી રહ્યાં છે. પાંચેક વર્ષ ચાલે તેટલા લાકડાંનો સંગ્રહ થઈ ગયો છે. સમાજની વાડીઓમાં ગેસના ચૂલા આવી ચૂક્યા છે એટલે હવે ત્યાં લાકડાનો વપરાશ નહીંવત થઈ ગયો છે.




insurancekhoj.com™

the ultimate stop for insurance™

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA